શુભ થાવો સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૨ ૧૨ એપ્રિલ, ૨૦૨૦, રવિવાર; ચૈત્ર વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# લોકડાઉન લંબાવવા દેશભરમાં સર્વસંમતિ

**મુખ્યમંત્રીઓ સાથેની મોદીની બેઠકમાં સર્વસંમતિ સધાઈ : મોટાભાગના રાજ્યોના મુખ્યપ્રધાનો દ્વારા લોકડાઉનને વધારવા માટેની સલાહ આપી : બેઠક બાદ કેજરીવાલની લોકડાઉન વધારવા તૈયારી હોવાની જાહેરાત : મોટાભાગના મુખ્યમંત્રીઓએ વડાપ્રધાનને લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી લંબાવવાની રજૂઆત કરી, કોરોના વિરુદ્ધ લડાઇ માટે રાજ્યોએ ટેસ્ટિંગ કિટ, તબીબી સાધનો, નાણાંકીય સહાયની માંગ કરી**

## મહારાષ્ટ્ર અને બંગાળમાં પણ લોકડાઉનને વધારી દેવાયું

કોરોનાના વધતા જતાં કેસો વચ્ચે ઓરિસ્સા અને પંજાબ બાદ હવે મહારાષ્ટ્ર અને બંગાળે પણ ૩૦મી એપ્રિલ સુધી લોકડાઉનને વધારી દેવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે દ્વારા આજે આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ૩૦મી એપ્રિલ સુધી લોકડાઉન જારી રહેશે. અમે આવા મુશ્કેલ તબક્કામાં દેશને રસ્તો દર્શાવવાથી પાછળ રહીશું નહીં. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કારણે હજુ સુધી ૧૮૭૪ કેસ બની ચુક્યા છે જ્યારે ૧૧૦ લોકોના મોત થઈ ચુક્યા છે. મહારાષ્ટ્રમાં ૨૮૮ લોકો સ્વસ્થ થઈ શક્યા છે. મહારાષ્ટ્ર-બંગાળમાં પણ લોકડાઉનને વધારવાની જાહેરાત કરવામાં આવી હતી.

નવીદિલ્હી, તા. ૧૧

કોરોના વાયરસના વધતા



જતા આતંક વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે આજે ચર્ચા વિચારણા કરી હતી. મુખ્યમંત્રીઓ સાથે તેમની આ પ્રકારની ત્રીજી બેઠક હતી. આ બેઠકમાં લોકડાઉનને વધારવાના મુદ્દા પર સર્વસંમતિ દેખાઈ હતી. આનો મતલબ એ થયો કે, લોકડાઉન વધારવાનો નિર્ણય થઈ ચુક્યો છે. કોઈપણ સમયે આની સત્તાવાર જાહેરાત કરવાની ઔપચારિકતા બાકી રહી છે. સર્વસંમતિ લોકડાઉનને વધારવા માટે દેખાઈ હતી. બીજા બે સપ્તાહ માટે લોકડાઉનને વધારવાનો ફેંસલો લેવાઈ ચુક્યો છે. મોદીએ ઠેરવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા સંયુક્તરીતે લેવામાં આવી રહેલા પરિણામ સ્વરુપે કોરોનાની અસરને ઘટાડવામાં સફળતા મળી છે પરંતુ પરિસ્થિતિ ઝડપથી વણસી રહી છે ત્યારે તકેદારી સૌથી મહત્વપૂર્ણ બની રહી છે. મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે, લેવામાં આવેલા પગલાની અસર દેખાવવામાં ત્રણથી ચાર સપ્તાહનો સમય લાગી શકે છે. ટીમ વર્ક આ પડકારનો સામનો કરવા માટે સૌથી મહત્વપૂર્ણ છે. વિડિયો કોન્ફરન્સિંગ મારફતે મોદીએ આ બેઠક યોજી હતી. પહેલા એવી અટકળો હતી કે, મોદી રાષ્ટ્રને સંબોધન કરશે. વડાપ્રધાન સાથે યોજાયેલી બેઠકમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી અમરિન્દરસિંહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સહિત ૧૦ મુખ્યમંત્રીઓ દ્વારા લોકડાઉનને વધારવાનું સૂચન કર્યું હતું. રિપોર્ટ મુજબ મુખ્યમંત્રીઓ સાથે વાતચીત બાદ પોતાના અંતિમ રિમાર્કમાં મોદીએ સંકેત આપ્યા હતા કે, દેશમાં લોકડાઉનને બે સપ્તાહ સુધી વધારવામાં આવનાર છે. મોદીએ મુખ્યમંત્રી સાથેની બેઠકમાં કહ્યું હતું કે, લોકડાઉનની વાત કરતી વેળા તેઓએ કહ્યું હતું કે, જાન હૈ તો જહાન હૈ. જ્યારે તેઓએ રાષ્ટ્રને નામ સંબોધનમાં વાત કરી હતી ત્યારે સમુહમાં જ કહ્યું હતું કે, દરેક વ્યક્તિની જાન બચાવવા લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી છે.

દેશના મોટાભાગના લોકોએ આ વાત સમજી છે. ઘરમાં રહીને લોકોએ વચન પાળ્યા છે. હવે ભારતના ઉજ્જવળ ભાવિ માટે સમૃદ્ધ અને સ્વચ્છ ભારત માટે જાન પણ અને જહાન પણ એમ બંને પાસા પર ધ્યાન આપવાની જરૂર છે. બેઠક બાદ દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે ટ્વિટ કરીને કહ્યું હતું કે, વડાપ્રધાને લોકડાઉનને વધારવાનો નિર્ણય લઈ લીધો છે.

મોદીએ આ બેઠકમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે, વડાપ્રધાન સાથેની બેઠક બાદ કેજરીવાલે કહ્યું હતું કે, લોકડાઉન વધારવાનો નિર્ણય બિલકુલ યોગ્ય નિર્ણય છે. આજે જો તમામ વિકસિત દેશોની સરખામણીમાં ભારતની સ્થિતિ સારી છે તો તેના માટેનું કારણ લોકડાઉન છે. જો હવે આને રોકવામાં આવશે તો તેના જે લાભ મળ્યા છે તે ખતમ થઈ જશે. લોકડાઉન વધારવાની જરૂર છે. આ પહેલા વડાપ્રધાને ૨૪મી માર્ચના દિવસે દેશને સંબોધન કરીને ૨૫મી માર્ચથી ૧૪મી એપ્રિલ સુધી દેશવ્યાપી સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી હતી. દેશમાં લોકડાઉન ૩૦મી એપ્રિલ સુધી વધી શકે છે. આજની બેઠકમાં તમામ મુખ્યમંત્રી માસ્ક પહેરીને ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન પોતે પણ સફેદ કલરના માસ્કમાં દેખાયા હતા અને વચન પાળ્યું હતું.



**અરવિંદ કેજરીવાલ**
લોકડાઉન વધુ કડક બનાવવું જોઈએ અને ૩૦મી સુધી વાહન વ્યવહારની કોઈપણ પ્રક્રિયા અટકાવવી જોઈએ. રાષ્ટ્રીયસ્તરે જ નિર્ણય થવો જોઈએ.



**ચંદ્રશેખર રાવ**
લોકડાઉન ૩જી મે સુધી લંબાવવું જોઈએ. શાળા-કોલેજો, થિયેટર, મોલ કે હોટલ જુન સુધી બંધ રાખવા સક્રિયતાથી વિચારવું જોઈએ.



**કેપ્ટન અમરિંદસિંઘ**
દુનિયાના આંકડા જોતા લાગે છે કે, ભારતને બતાવવું હોય તો, લોકડાઉન જ એક વિકલ્પ છે. અને ૩૦મી સુધી લોકડાઉન લંબાવવું જોઈએ.



**મમતા બેનરજી**
પ્રધાનમંત્રીની લાગણી સાથે પશ્ચિમ બંગાળ સહમત છે. આપની વ્યથા સમજી શકાય છે. અને એટલે જ લોકડાઉન ૩૦મી સુધી લંબાવવું જ જોઈએ.



**શિવરાજસિંહ ચૌહાણ**
દેશમાં અને મધ્યપ્રદેશમાં વધતા કેસો નિયંત્રિત કરવાની આવશ્યકતા છે ત્યારે લોકડાઉન કોઈપણ ભોગે બે સપ્તાહ લંબાવવું જોઈએ.



**ઉદ્ધવ ઠાકરે**
લોકડાઉન જ કોરોના અટકાવવાનો એકમાત્ર વિકલ્પ છે. મહારાષ્ટ્રમાં સ્થિતિ વણસતી જાય છે ત્યારે મહારાષ્ટ્રમાં તો ૩૦મી સુધી લોકડાઉન રહેશે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૭૩૩૯૪૩ | ૧૦૬૫૧૮ | ૭૦૨૩૧૨ |
| ભારત | ૮૩૨૩ | ૨૮૦ | ૮૯૬ |
| ગુજરાત | ૪૬૮ | ૨૨ | ૩૪ |
| ગાંધીનગર | ૧૫ | ૦૧ | ૦૬ |

# મુંબઈ કોરોના હોટસ્પોટ રોજેરોજ વણસતી સ્થિતિ

**કેસમાં એકાએક ભડકો : પાંચ-છ દિવસ નિર્ણાયક : સ્થિતિ આવી રહેશે તો ગંભીર બાબત : સ્થિતિમાં સુધારો નહીં થાય તો મુંબઇમાં ઇટાલી તેમજ ન્યુયોર્ક જેવી પરિસ્થિતિ સર્જાવવાની દહેશત : મુંબઈમાં ૨૨૪ સહિત મહારાષ્ટ્રમાં નવા ૧૦૩૫ કેસ**

મુંબઈ, તા. ૧૧

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં કોરોનાના કારણે હાલત કફોડી બની રહી છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, મુંબઈમાં ઝુંપડપટ્ટી ગણાતા એવા ધારાવીમાં પણ કોરોના વાયરસના કેસોમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. હજારો ઝુંપડપટ્ટી અને લાખોની વસતી ધરાવનાર મુંબઈના ધારાવી વિસ્તારમાં નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. ધારાવીમાં જીવલેણ વાયરસના કારણે મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ચાર ઉપર પહોંચી છે. આની સાથે જ છ નવા કેસ સપાટી ઉપર આવ્યા છે. આની સાથે જ એકલા ધારાવીમાં કોરોનાના ૨૮ પોઝિટિવ કેસ આવી ચુક્યા છે. ધારાવીમાં કોરોનાથી ચોથી વ્યક્તિનું મોત થતાં

● અનુસંધાન પાન-૮ પર



### મુંબઈમાં ૧૦૦ મેડિકલ સ્ટાફને કોરોના અસર

મુંબઈમાં કોરોના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આની સાથે સાથે મેડિકલ સ્ટાફમાં પણ કોરોના વાયરસ ફેલાઈ રહ્યો છે. આજે હોસ્પિટલના ૧૯ હેલ્થ વર્કર કોરોના અસરગ્રસ્ત આવ્યા હતા. આની સાથે જ મેડિકલ સ્ટાફના અસરગ્રસ્ત થવાનો આંકડો ૧૦૦થી ઉપર પહોંચી ગયો છે. મુંબઈમાં કોરોના સંકટ ઘેરુ બની રહ્યું છે. આરોગ્ય કર્મચારીઓ સકંજામાં આવતા તકલીફ વધી રહી છે. કોરોનાના ફ્રન્ટલાઈન મેડિકલ વર્કરોની વચ્ચે ઈન્ફેક્શન વધવાના પરિણામ સ્વરુપે મુંબઈમાં પ્રાઈવેટ હોસ્પિટલથી તાત્કાલિકરુપે સેફટી કિટ, વધારાના ટ્રાન્સપોર્ટ સાધનો મંગાવવામાં આવ્યા છે. ભાટિયા હોસ્પિટલના ૧૪ કર્મીઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે જેમાં ૧૦ નર્સ, બે તબીબ અને એક ફિઝિયોથેરાપિસ્ટનો સમાવેશ થાય છે. હોસ્પિટલને પણ સીલ કરી દેવામાં આવી છે જ્યારે દાદરની હોસ્પિટલમાં બે નર્સ કોરોના પોઝિટિવ આવી છે જેના પરિણામ સ્વરુપે હોસ્પિટલમાં દર્દીઓની ભરતી રોકી દેવામાં આવી છે. આગામી ૪૮ કલાકમાં તમામ દર્દીઓને ડિસ્ચાર્જ કરવાનો આદેશ પણ આપી દેવામાં આવ્યો છે.

## પંજાબના મોહાલી નજીકના એક જ ગામમાં કોરોનાના ૩૪ કેસો મળતા ખળભળાટ

**પંજાબમાં લોકડાઉનની અવધિ પહેલી મે સુધી લંબાવાઈ છે : માસ્ક પહેરવા ફરજિયાત**

મોહાલી, તા. ૧૧

પંજાબમાં કોરોના વાયરસનો આતંક સતત વધી રહ્યો છે. લોકડાઉનની અવધિ પણ પંજાબમાં પહેલાથી જ લંબાવવામાં આવી ચુકી છે. કઠોર ધારાધોરણ અમલી છે ત્યારે પંજાબના મોહાલીના એક ગામમાં ૩૪ કોરોના પોઝિટિવ દર્દી મળતા હાહાકાર મચી ગયો છે. ડેરા બસ્તીના જવાહરપુર ગામમાં એટલી મોટી સંખ્યામાં કોરોનાના દર્દી મળ્યા બાદ વહીવટીતંત્ર એલર્ટ થઈ ગયું છે. મોહાલીમાં કોરોનાના ૫૦ દર્દીઓ નોંધાયા છે જ્યારે પંજાબમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૩૫થી પણ ઉપર પહોંચી ચુકી છે. સાહિબઝાદા અજીનગરના ડેપ્યુટી કમિશનર ગીરીશ દયાલાને માહિતી આપતા કહ્યું છે કે, મોહાલીમાં હજુ સુધી કોરોનાના ૫૦થી વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. આનાથી સૌથી વધારે ૩૪ પોઝિટિવ કેસ એકલા જવાહરપુર ગામમાં નોંધાયા છે. બે લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે પાંચની સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા મળી ગઈ છે. કોરોના વાયરસના ઝડપથી વધી રહેલા કેસોને ધ્યાનમાં લઈને પંજાબ સરકારે રાજ્યમાં પહેલી મે સુધી

● અનુસંધાન પાન-૮ પર

## છેલ્લે... છેલ્લે...

- અમદાવાદથી લંડન જવા માટે સ્પેશિયલ ત્રણ બ્રિટિશ એરવેઝ એરલાઈન આજે ફસાયેલા યુકેના નાગરિકો માટે ઉપડશે.
- કેન્દ્ર સરકારે ફર્ટીલાઈઝરને આવશ્યક ચીજવસ્તુઓમાં ગણવાનું જાહેરનામું બહાર પાડ્યું.
- મુંબઈની હૉસ્પિટલમાં કોરોનાના દર્દીએ આત્મહત્યા કરી. જેનો રિપોર્ટ પાછળથી નેગેટિવ આવ્યો હતો.
- પ્રધાનમંત્રીએ કેન્દ્ર સરકારના તમામ મંત્રીઓને સોમવારથી કાર્યાલય પર હાજર રહેવાની સૂચના આપી.
- સુરતના ડેપ્યુટી મેયર સામે લોકડાઉન ભંગનો કેસ નોંધાયો.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીઓની વિડિયો કોન્ફરન્સ દરમિયાન ખેસથી ચહેરા પર રક્ષણ આપ્યું હતું. જે તેમને ગઈકાલે વારાણસીના લોકોને ઘુમચાનો માસ્ક તરીકે ઉપયોગ કરવા જણાવ્યું હતું.
- કર્ણાટકના ભાજપના ધારાસભ્ય મસલે જયરામના જન્મ દિવસે યોજાયેલી પાર્ટીમાં ૫૦૦થી વધુ લોકો હાજર હતા.
- ઈટાલીમાં વધુ ત્રણ સપ્તાહનું લોકડાઉન જાહેર કરાયું.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ૧૧ અધિકારીઓ વહેલી સવારે ૩ વાગ્યાથી સતત કોરોના સામે ભારતને બચાવવા બેઠકો કરે છે. મોદી અત્યારે ૧૭ થી ૧૮ કલાક કામ કરે છે.
- દેશના સૌથી વધુ કેસ ધરાવતા પાંચ રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૭૬૧ |
| દિલ્લી | ૧૦૬૯ |
| તામિલનાડુ | ૯૬૯ |
| રાજસ્થાન | ૬૭૮ |
| તેલંગાણા | ૪૮૭ |
| ગુજરાત | ૪૬૮ |

# દેશમાં કાતિલ કોરોનાના કેસ ૮૩૨૩

**મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાતમાં કેસોમાં ઝડપી વધારો : દિલ્હીના દિલશાદ ગાર્ડનને સંક્રમણમુક્ત ઘોષિત કરાયો**

નવી દિલ્હી, તા.૧૧

ભારતના કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ભારતમાં કુલ કેસોની સંખ્યા વધીને ૮ હજારથી ઉપર પહોંચી છે. આજે છેલ્લા સમાચાર મુજબ કેસની સંખ્યા ભારતમાં ૮૦૬૩થી ઉપર પહોંચી હતી જ્યારે મોતનો આંકડો વધીને ૨૪૯થી ઉપર પહોંચી ગયો છે. આજે મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૧૮૭૪થી ઉપર પહોંચી હતી જ્યારે ગુજરાતમાં કેસોની સંખ્યા ૪૬૮થી ઉપર પહોંચી છે. તમિળનાડુ, દિલ્હી, મહારાષ્ટ્ર, તેલંગાણા સહિતના રાજ્યોમાં પણ ખુબ ઝડપથી કેસો વધ્યા છે. દેશમાં અનેક નવા કેસો સપાટી પર આવી રહ્યા છે. મહારાષ્ટ્ર સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. અહીં કેસોની સંખ્યા ૧૮૦૦ કરતા વધારે થઈ ગઈ છે. સ્થિતી વણસે તેવા સંકેતો મળી રહ્યા છે. કારણ કે આઠ રાજ્યોમાં કેસોની સંખ્યા ૨-૪ દિવસમાં જ બે ગણી થઈ ગઈ છે. રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, કેરળ, જમ્મુ કાશ્મીર સહિતના રાજ્યોમાં કેસોની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે. આઠ રાજ્યોમાં ખતરનાક સ્થિતીના સંકેત મળી રહ્યા છે. કેરળ અને કર્ણાટકમાં ગતિ ધીમી થઈ છે. જો કે મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં કેસોની સંખ્યામાં ઝડપી વધારો થઈ રહ્યો છે દિલ્હીમાં પણ હાલત સારી નથી. તમિળનાડુમાં પણ મુશ્કેલી છે. દેશમાં કુલ કોરોના કેસો પૈકી ૮૪ ટકા કેસો માત્ર મહારાષ્ટ્ર, તમિળનાડુ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, કેરળ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને કર્ણાટકમાંથી મળ્યા છે. કેરળ અને કર્ણાટકને બાદ કરતા બાકીના રાજ્યોમાં કોરોના કેસોની સંખ્યા પહેલી એપ્રિલથી બે ગણી થઈ છે. ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ ૩૦મી જાન્યુઆરીના દિવસે આવ્યો હતો. દેશમાં પણ લોકડાઉની સ્થિતી હોવા છતાં અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. જેના કારણે તમામ ચિંતાતુર છે.

## વિશ્વમાં કોરોનાથી એક લાખથી વધુ લોકોના મૃત્યુ

**કેસોની સંખ્યા ૧૭ લાખની નજીક પહોંચી : રિક્વર સંખ્યા ૩૭૬૩૩૦થી વધુ**

નવી દિલ્હી, તા. ૧૧

કોરોના વાયરસનો પ્રકોપ દુનિયાના ૨૧૦ દેશોમાં યથાવતરીતે જારી રહ્યો છે. કેસોની સંખ્યા હજુ રેકોર્ડ ગતિથી વધી રહી છે. અમેરિકા, સ્પેન અને ઈટાલી સહિતના દેશો જોરદાર રીતે લડત ચલાવી રહ્યા છે. ભારતમાં પણ હવે કેસોની સંખ્યામાં ખુબ ઝડપથી વધારો થઈ રહ્યો છે. અમેરિકામાં કેસોની સંખ્યા પાંચ લાખ કરતા વધારે થઈ ગઈ છે. આવી જ રીતે મોતનો આંકકડો ૧૮ હજારથી ઉપર પહોંચી ગયો છે. વિશ્વના ૨૧૦ દેશોમાં કોરોનાના કારણે મોતનો આંકડો હવે એક લાખથી ઉપર પહોંચી ગયો છે. સ્પેનમાં પણ આવી જ સ્થિતી સર્જાયેલી છે. સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે.

● અનુસંધાન પાન-૮ પર